# જાહેરનામું

પોલીસ કમિશનર અમદાવાદ શહેરના હુકમ ક્રમાંક: ગ/ઉપક/ટ્રાફીક/૦૫/૨૦૨૨,
તા.૨૫/૦૧/૨૦૨૨

હું, સંજય શ્રીવાસ્તવ, IPS, પોલીસ કમિશનર, અમદાવાદ શહેર, મને ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની પેટા કલમ ૩૩ (૧) (બી) (સી) તથા ગુજરાત મોટર વાહન નિયમો ૧૯૮૯ ના નિયમ ૨૦૭ અંતર્ગત મળેલી સત્તા અન્વયે અમદાવાદ શહેરમાં મેટ્રો રેલ પ્રોજેક્ટ અંતર્ગત તા.૨૫/૧/૨૦૨૩ સુધી ટ્રાફીક સુચારુ રીતે ચાલે અને ટ્રાફીકની કોઇ સમસ્યા ઉદભવે નહી તે હેતુસર નીચે મુજબનો રસ્તો બંધ /ડાયવર્ઝન કરવા અને નો-પાર્કિંગ ઝોન જાહેર કરવા અંગેનો હુકમ કરૂ છું.

**હુકમ :-**

અમદાવાદ શહેરમાં મેટ્રો રેલ પ્રોજેક્ટ અંતર્ગત થલતેજ રોડ ઉપર એક્રોપોલીસ મોલ સામે સંકેત એપાર્ટમેન્ટ (અ.૨૩.૦૪૯૭૫૬, રે. ૭૨.૫૧૫૦૮૮) થી થલતેજ તળાવ પાસે આવેલ વિસત માતા મંદિર (અ. ૨૩.૦૫૦૦૮૯, રે.૭૨.૫૧૨૫૮૭) સામેના ભાગ સુધીનો રસ્તો અંદાજીત ૮ થી ૯ મીટરનો હોવાથી ફક્ત સ્થાનીક રહીશોના ટુ-વ્હીલર વાહનો અવર-જવર કરી શકે તેટલી જગ્યા છોડી બાકીનો રોડ તમામ પ્રકારના વાહન વ્યવહાર માટે બંધ રહેનાર છે તથા વિસત માતા મંદિરથી આગળ શુભ બંગલોની સામેના ભાગે મેટ્રો પીયર P21 (અ.૨૩.૦૫૦૩૭૪, રે.૭૨.૫૦૭૬૫૬) સુધી રોડની એક સાઇડમાં સ્થાનીક રહીશોને અવર-જવર કરવા માટે આંતરીક રસ્તા ખુલ્લા રાખી બાકીના વાહન વ્યવહાર માટે રસ્તો બંધ રહેનાર છે.

<u>**વૈકલ્પીક માર્ગ**</u> :-

**માર્ગ નં. (૧) :** થલતેજ ચાર રસ્તા એસ.જી.હાઇવેથી થલતેજ પોલીસ ચોકી તરફ જવા માટે બેન્ક ઑફ ઇન્ડીયા થલતેજ ગામ સામે (અ. ૨૩.૦૪૯૭૧૨, રે.૭૨.૫૧૫૬૮૮) થી જમણી બાજુ ભાઇકાકા માર્ગ ઉપર વૃંદાવન આર્કેડ ત્રણ રસ્તા (અ.૨૩.૦૫૧૨૧૬, રે.૭૨.૫૧૫૪૮૪) થી ડાબી બાજુ વળી હેપ્પી વીલા ફ્લેટ સામેના ત્રણ રસ્તા (અ.૨૩.૦૫૧૫૧૯, રે.૭૨.૫૧૩૨૮૯) થી ગુંજનપાર્ક રોડ પર કર્ણાવતી હાઉસ (અ.૨૩.૦૫૨૪૪૭, રે.૭૨.૫૦૯૯૭૬) થી ડાબી બાજુ વળી અર્હમ બંગલો રોડનો ઉપયોગ કરી થલતેજ પોલીસ ચોકી તરફ જઇ શકાશે અને તે રુટ મુજબ થલતેજ ચાર રસ્તા એસ.જી.હાઇવે તરફ આવી શકાશે.

**માર્ગ નં. (૨) :** થલતેજ પોલીસ ચોકીથી થલતેજ ચાર રસ્તા એસ.જી.હાઇવે તરફ અવર-જવર કરવા થલતેજ પોલીસ ચોકી સામેના ત્રણ રસ્તાથી જમણી બાજુ રામદાસ રોડ ઉપર સીધા જઇ એવલોન હોટલ એન્ડ બેન્કવેટ સામેના ત્રણ રસ્તા (અ.૨૩.૦૪૬૫૮૦, રે.૭૨.૫૦૭૯૯૭) થી ડાબી બાજુ મેપલ કાઉન્ટી રોડનો ઉપયોગ કરી યમ્મી ફુડ્સ સેન્ટર સામે (અ. ૨૩.૦૪૩૯૮૦, રે.૭૨.૫૧૪૧૨૫) થી ડાબી બાજુ એસ.જી.હાઇવે પર ગુરુદ્વારા ચાર રસ્તા થઇ થલતેજ ચાર રસ્તા જઇ શકાશે અથવા તો એવલોન હોટેલ એન્ડ બેન્કવેટ સામેના ત્રણ રસ્તાથી (અ.૨૩.૦૪૬૫૮૦, રે.૭૨.૫૦૭૯૯૭) સીધા બજરંગ સુપર માર્કેટ ચાર રસ્તા (અ.૨૩.૦૪૦૫૪૦, રે. ૭૨.૫૦૫૦૧૯) થી ડાબી બાજુ વળી પકવાન ચાર રસ્તાથી ડાબી બાજુ વળી થલતેજ ચાર રસ્તા તરફ જઇ શકાશે.

તેમજ ઉક્ત ડાયવર્ઝનવાળો સમગ્ર રૂટ 'નો-પાર્કિંગ ઝોન' રહેશે.

આ જાહેરનામુ ફાયરબ્રિગેડ, એમ્બ્યુલન્સ સેવાઓ તથા સરકારી વાહનોને કામગીરી દરમિયાન લાગુ પડશે નહિ.

આ જાહેરનામાનો અમલ ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની કલમ-૩૩ ની જોગવાઇ હેઠળ મહત્તમ સમયમર્યાદાને આધિન રહીને જાહેરનામું પ્રસિદ્ધ થયેથી તા.૨૫/૧/૨૦૨૩ સુધી કરવાનો રહેશે.

આ જાહેરનામાના આદેશોનું ઉલ્લંઘન કરનાર ઇસમ ભારતીય ફોજદારી ધારા કલમ ૧૮૮ અને ગુજરાત પોલીસ અધિનિયમ કલમ ૧૩૧ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે અમદાવાદ કમિશ્નરેટમાં ફરજ બજાવતાં સંયુક્ત/અધિક પોલીસ કમિશનરશ્રીના દરજ્જાથી પોલીસ કોન્સ્ટેબલ સુધીનો હોદ્દો ધરાવનાર તમામ અધિકારી/કર્મચારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઇસમો સામે ઇ.પી.કો. કલમ-૧૮૮ તથા ગુજરાત પોલીસ અધિનિયમ કલમ-૧૩૧ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ રોજ તા.૨૫/૦૧/૨૦૨૨ એ મેં મારી સહી તથા સિક્કો કરી આપેલ છે.

તા.૨૫/૦૧/૨૦૨૨
અમદાવાદ શહેર

**( સંજય શ્રીવાસ્તવ )**
પોલીસ કમિશનર
અમદાવાદ શહેર

**નકલ સવિનય રવાના :**

(૧) મેનેજરશ્રી ગવર્નમેન્ટ પ્રેસ અને સ્ટેશનરી ડીપાર્ટમેન્ટ વડોદરા
૨/- ગુજરાત ગર્વમેન્ટ ગેજેટ પ્રસિધ્ધ કરવા સારૂ.
(૨) અગ્ર સચિવશ્રી, ગૃહ વિભાગ, ગુજરાત સરકાર, સચિવાલય, ગાંધીનગર.
(૩) પોલીસ મહનિર્દેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુ.રા. પોલીસ ભવન,ગાંધીનગર.
(૪) કલેકટરશ્રી,જીલ્લા કલેકટરની કચેરી, સુભાષબ્રીજ, અમદાવાદ શહેર.
(૫) અમદાવાદ રજીસ્ટ્રારશ્રી હાઇકોર્ટ,
રજીસ્ટ્રારશ્રી સિવિલ અને સેશન્સ કોર્ટ, અમદાવાદ શહેર.
રજીસ્ટ્રારશ્રી સેશન્સ કોર્ટ , અમદાવાદ શહેર
ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટશ્રી અમદાવાદ શહેર.
(૬) મ્યુનિસિપલ કમિશનરશ્રી, અ.મ્યુ.કો., અમદાવાદ શહેર.
(૭) પબ્લીક પ્રોસીક્યુટરશ્રી,અમદાવાદ શહેર
(૮) સીનીયર પોલીસ પ્રોસીક્યુટરશ્રી,અમદાવાદ શહેર
(૯) માહિતી નિયામકશ્રી સચિવાલય,ગાંધીનગર (૨ નકલ)
૨/- જાણ સારૂ અને દૈનિક સમાચાર પત્રોમાં પ્રસિધ્ધ કરાવવા સારૂ.

**નકલ રવાના :-**

(૧) સંયુક્ત/અધિક પોલીસ કમિશનરશ્રી,સેકટર-૧ અને ૨, ટ્રાફીક તથા મુખ્ય મથક,વિશેષ શાખા, વહીવટ, અમદાવાદ શહેર
(૨) તમામ નાયબ પોલીસ કમિશનરશ્રી, અમદાવાદ શહેર.
(૩) તમામ મદદનીશ પોલીસ કમિશનરશ્રીઓ અમદાવાદ શહેર.
(૪) જનસંપર્ક અધિકારીશ્રી કંટ્રોલ રૂમ,અમદાવાદ શહેર
૨/- જાણ સારૂ દૈનિક પત્રોમાં દુરદર્શન, આકાશવાણી ઉપર પ્રસિધ્ધ કરવા સારુ.
(૫) તમામ પોલીસ ઇન્સ્પેકટરશ્રીઓ......................................... અમદાવાદ શહેર
૨/- જાણ સારૂ તેમજ પો.સ્ટે. વિસ્તારમાં જાહેરાત માટે અને સખત અમલ થાય તેની તકેદારી રાખવા સારૂ.
(૬) મદદનીશ પોલીસ કમિશનરશ્રી, ટ્રાફીક બ્રાન્ચ,અમદાવાદ શહેર (૮ નકલ)
૨/- ટ્રાફીક મોબાઇલ વાન મારફતે જાહેરનામાની જાહેરાત કરવા સારૂ.